શિક્ષણ વ્યવસ્થાને નામે આપણે રોજ બૂમો પાડીએ છીએ અને સાંભળીએ છીએ... પણ તેને માટે આપણે શું કરીએ છીએ ? કશું જ નહીં. એ જ સિસ્ટમમાં આપણે તણાઈએ છીએ... જીવીએ છીએ..આપણામાં કોઇ પરિવર્તન આવતું નથી. આપણી સરકારી શાળા કે કોલેજો પણ એમાંથી બાકાત નથી. દિલ્હીમાં આપની સરકાર આવતા પહેલીવાર સરકારી શાળા અને કોલેજોને સુધારવાની વાત થઈ હતી.. બાકી શિક્ષણ એટલે કમાણીનો ધંધો જ્યાંથી એ જ શીખીને બહાર જવાનું કે આપણે કેટલા પૈસા પેદા કરી શકીએ. સંસ્કારિતા કે વિકાસની વાત થતી નથી. શિક્ષણ આપણને સ્વાર્થી બનતા શીખવાડે છે, સમાજ માટે કે સાથે જીવન જીવતાં શીખવાડતું નથી.પણ બંકર રોય નામની વ્યક્તિ કંઇક જુદી જ માટીમાંથી ઘડાઈ છે. તેમણે રાજસ્થાનમાં બેરફુટ કોલેજની સ્થાપના કરી જ્યાં ડિગ્રીધારક શિક્ષકો નથી ભણાવતા અને અહીં ભણનારને ડિગ્રીના કોઇ સર્ટિફિકેટ અપાતા નથી. તેઓ શિખેલું યોગ્ય રીતે ઉપયોગમાં લઈ શકે તે રીતે તેમને શિખવાડાય છે. આ કોલેજમાં રોજિંદા જીવનમાં ઉપયોગી થઈ શકે તેવું શિક્ષણ આપવામાં આવે છે.બંકર રોય વિશે જાણીએ... તેમનું નામ છે સંજીત બંકર રોય. તેમનું શરૂઆતનું શિક્ષણ ત્યારની બહુ જાણીતી ધનાઢ્ય લોકો માટેની દૂન સ્કૂલમાં થયું. ત્યારબાદ દિલ્હીની સ્ટિફન કોલેજમાંથી ગ્રેજ્યુએટ થયા. ૧૯૬૪ની સાલમાં તેઓ સ્ક્વોશ રમતમાં ચેમ્પિયન હતા અને તેઓ આંતરરાષ્ટ્રિય સ્તરે ભારતવતી રમ્યા હતા. શ્રીમંત અને વગદાર કુટુંબમાં તેઓ જન્મ્યા હતા અને તેમના માતાપિતા વિચારતા હતા કે તેઓ સરકારી ઊચ્ચ પદે કામ કરશે. પણ ૧૯૬૫ની સાલમાં તેમને વિચાર આવ્યો કે સરકારી પદવી મેળવવા પહેલાં ગામડાઓ કેવા હોય તે ફરીને જોવા માગતા હતા. એટલે સૌ પ્રથમ તેમણે ગામડાઓને નજીકથી જાણવા જોવા પ્રવાસે નીકળી પડ્યા.૧૯૬૫માં દુકાળ દરમિયાન બિહારના ગામડાઓમાં ફરીને જે દારૂણ ગરીબી,ભૂખમરો અને કરુણતા પ્રથમવાર જોયા. તેમણે ઘરે પાછા જઈને જાહેર કર્યું કે ગામડામાં કામ કરીને સમાજને માટે કામ કરવું છે. આ બાબત માતાપિતાને પસંદ ન આવી. પણ બંકર રોય પોતાની વાતમાં મક્કમ રહ્યા.બંકર રોયે ટેડ ટોકમાં પોતાના વક્તવ્યમાં બહુ સરસ વાત કરી કે, હું ખૂબ એલિટ, ધનવાનો માટેની એટિકેટવાળી સ્કૂલમાં ભણ્યો અને તેણે મારું જીવન લગભગ બરબાદ કરી નાખ્યું. મને વાસ્તવિકતા ન બતાવી કે ન અનુભવાવી. હું શિક્ષક, ડિપ્લોમેટ કે પછી કોઈપણ સારા પગારની નોકરી માટે તૈયાર કરાયો હતો. પણ નસીબ જોગે મારી ચેતના જાગી અને મને સાચુંકલું ભારત જોવાની ઈચ્છા થઈ. રાજસ્થાનના તિલોનિયા ગામમાં તેમણે ૧૯૭૨માં ગરીબો માટે બેરફુટ કોલેજની સ્થાપના કરી. આ કોલેજ સ્થાનિક લોકોએ જ બાંધી. ગરીબો માટે જ હતી એટલે તેમને સહજતા લાગે એટલે કોલેજમાં કોઇ ટેબલ ખુરશી ન રાખ્યા. આ કોલેજનો મૂળ ઉદ્દેશ એ હતો કે ગામડામાં જે કારીગરો હોય તેમને પોતાના કામમાં આવડત અને પરફેક્શન આવે. ગાંધીજીનો આદર્શ ગામડાઓને સ્વાવલંબી બનાવવા તે વિચાર પર આ કોલેજની સ્થાપના કરવામાં આવી હતી. શરૂઆતમાં સોલાર પેનલ જે ત્યાંના ગામડાની અભણ મહિલાઓ ધ્વારા બનાવવામાં અને ઓપરેટ કરવામાં આવતું. વોટર પંપ અને સોલાર પેનલ બનાવી શકે અને રિપેર કરી શકે એ ટેકનોલોજી ગામડાના ગરીબને શીખવાડવામાં આવે છે. તેમના રોજિંદા જીવનને સરળ કરી શકે તેવી ટેકનોલોજી ગામડાના ગરીબ તથા અશિક્ષિતને શીખવાડવી તે આ કોલેજનો ઉદ્દેશ છે. બંકર રોયનું માનવું છે કે પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે સહજતાથી અને સરળતાથી ટેકનોલોજી શીખી જાય છે. એટલે તેમણે જુદા જુદા વિસ્તારની સ્ત્રીઓને ખાસ કરીને જે દાદી બની ગઈ હોય તેમને શીખવાડતા. તેઓ પછી પોતાના ગામના બીજા લોકોને ઉપયોગી થતાં.આમ, શિક્ષણને ફક્ત પુસ્તકયું બનાવવા કરતાં ઉપયોગી તથા ગામડામાં પહોંચાડવાનું કામ બંકર રોયે શરૂ કર્યું એમ કહી શકાય. આજે બેરફુટ કોલેજમાંથી અનેક લોકો વિદેશ પણ જઈ આવ્યા છે. બાળકો માટેની રાત્રી શાળા ચાલે છે કેમકે તેમને પોતાના કુટુંબ માટે દિવસે કામ કરવાનું હોય. આ બાળકો અહીં લોકશાહીના પાઠ ભણે છે. ત્યાં ચૂંટણી થાય તેમાં છ વરસથી ચૌદ વરસના બાળકો વોટિંગ કરે અને સંસદ રચે, તેમાંથી વડા પ્રધાન પણ ચૂંટાય. બેરફુટ કોલેજનું બાંધકામ પણ અભણ ગામડાના કારીગરોએ જ કર્યું છે. ત્યાંની મહિલાઓએ છતને પરંપરાગત રીતે લિકેજ પ્રૂફ બનાવી. આમ, બંકર રોયે ગામડાની અનેક મહિલાઓને અને પુરુષોને એન્જિનિયર, આર્કિટેક, શિક્ષક અને કારીગરો બનાવ્યા. તેમનું માનવું છે કે કોઈપણ બાબતના સમાધાન માટે બહાર નજર કરવા કરતાં પહેલાં આપણી ભીતર નજર કરવી જોઈએ. આસપાસના અનુભવી લોકોને જુઓ, સાંભળો સમાધાન તમને સહજતાથી જડશે. જમીન સાથે સંકળાયેલા લોકો પાસે પ્રેકટિકલ ઉપયોગી માહિતી મળી શકે એમ છે. જરૂર છે વળી પાછા આપણા મૂળિયા તરફ જવાની. સ્વાવલંબી બનવાની. બંકર રોયને ગાંધીજીનું વાક્ય ગમે છે, પહેલાં લોકો તમને જોશે નહીં, પછી તેઓ તમારા પર હસશે, પછી તમારી સાથે ઝઘડશે. અને પછી તમે જીતી શકશો.

# કૂપર રોબરી : એફબીઆઈ આ લૂંટારાનું સાચું નામ પણ જાણી શકી નથી

ડી.બી.કુપર અમેરિકાનાં રોબરીનાં ઇતિહાસમાં એક દંતકથા સમાન પાત્ર ગણાવી શકાય કારણકે આ એવી લુંટ છે જેમાં અત્યાર સુધી અમેરિકાની તપાસ એજન્સીઓને સરિયામ નિષ્ફળતા સાંપડી છે ત્યાં સુધી કે આ લુંટારાનું તેઓ નામ પણ જાણી શક્યા નથી ત્યાં તેણે લુંટેલી રકમ તો પાછી મેળવવાની વાત બહુ દુરની છે.કુપર રોબરી તરીકે જાણીતી આ લુંટ આમ તો ૨૪ નવેમ્બર ૧૯૭૧માં થઇ હતી.જેમાં બે લાખ ડોલરની રકમ લુંટાઇ હતી જેની આજે કિંમત ગણીએ તો એક કરોડ એકલાખ સાઇઠ હજાર ડોલર જેટલી થવા જાય છે.આ લુંટ બોઇંગ ૭૨૭ વિમાનમાં થઇ હતી અને જ્યારે આ લુંટની ઘટના બની ત્યારે તે વિમાન પોર્ટલેન્ડ,ઓરેગોન અને સીએટલની વચ્ચે હતું લુંટારૂ રકમ લુંટીને બિંદાસ્ત પોતાની સાથે લાવેલા પેરાશુટ વડે નીચે કુદી ગયો હતો.ત્યારબાદ તેનું અને તે રકમનુ શું થયું તે કોઇને ખબર નથી.એફબીઆઇએ આ લુંટની તપાસ હાથ ધરી હતી પણ તેને ક્યારેય એ લુંટારા અંગે કોઇ જ સાચા સગડ મળ્યા ન હતા.આ કેસ અમેરિકન એવિએશન હિસ્ટ્રીનો કદાચ એકમાત્ર વણ ઉકલ્યો કેસ છે.આ લુંટારા અંગે માત્ર એટલી જ ખબર પડી હતી કે તેણે ડેન કુપરનાં નામે પોતાની ટિકીટ ખરીદી હતી. જો કે ન્યુઝ મીડિયામાં તે ડી.બી.કુપરનાં નામે કુખ્યાત બન્યો હતો.આમ તો જેમ જેમ આ કેસની તપાસ આગળ વધતી ગઇ હતી અનેક પ્રકારની સ્ટોરીઓ અને થિયરીઓ સામે આવી હતી પણ તેનાથી આ કેસને ઉકેલવામાં કોઇ ફાયદો થયો ન હતો.માત્ર તેણે આ લુંટની આસપાસ રહસ્યનાં જાળા ગુંથવાનું જ કામ કર્યુ છે.તે લુંટારાની સાચી ઓળખ એ તે ક્યાંથી આવ્યો હતો અને ક્યાં ગુમ થઇ ગયો તેની કોઇ જ જાણકારી એફબીઆઇને હાથ લાગી ન હતી.જો કે તપાસકર્તાઓ તો માને છે કે આટલે ઉંચાઇથી નીચે જમ્પ માર્યા બાદ કોઇ બચે તેવી શક્યતા જ હોતી નથી આથી તે માર્યો ગયો હોવો જોઇએ.આ કેસની ફાઇલ સાંઇઠ વોલ્યુમ જેટલી દળદાર થઇ હતી.કેટલાકનું સુચન છે કે આજની લેટેસ્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરીને તે ક્યાં લેન્ડ થયો હતોતે અંગે માહિતી મેળવી શકાય છે.જો કે હવે તો આ કેસ અનસોલ્વડ મિસ્ટ્રી તરીકે ઓળખાય છે.

ફલાઈટ ટેક-ઓફ થયાની વીસ મિનિટ પછી ગેંગ-વેની સીટ પર બેઠેલા ચાલીસ વર્ષીય ડી.બી.કૂપરે પોતાની નજીક ઊભેલી ફલોરેન્સ સ્કાફનર નામની એરહોસ્ટેસને એક ચિઠ્ઠી આપી. ફલોરેન્સે આપેલા સ્ટેટમેન્ટમાં તેણે કહ્યું હતું કે, 'એરહોસ્ટેસને પ્રોસ્ટિટ્યૂટ માનનારા પેસેન્જર અનેક હોય છે એટલે મેં પણ એવું જ ધારી લીધું કે મિસ્ટર કૂપર એવો જ વંઠેલો હશે. કૂપરની ચિઠ્ઠી મેં જોયા વિના જ મારા શોર્ટ મીડીના પોકેટમાં મૂકી દીધી પણ કૂપરે મને નજીક બોલાવીને ધીમેકથી કહ્યું કે "તું અત્યારે એ ચિઠ્ઠી વાંચી લે એ જ બધાની ભલાઈમાં છે, મારી બેગમાં એક બોમ્બ છે." ફલાઈટના ક્રૂ મેમ્બરને ઈમરજન્સી સામે અડીખમ કેમ ઊભા રહેવું એની ટ્રેનિંગ અપાતી હોય છે. ફલોરેન્સ પણ એ ટ્રેનિંગમાંથી પસાર થઈ હતી એટલે કોઈ પણ જાતના ગભરાટ વિના એણે ચિઠ્ઠી વાંચી. ચિઠ્ઠીમાં કેપિટલ ઈંગ્લિશમાં લખ્યું હતું કે, 'મારી બ્રિફકેશમાં છ સિલિન્ડરનો હેન્ડ-મેડ બોમ્બ છે. પ્લીઝ, એવું કંઈ ન કરતાં કે જેથી મારે બોમ્બનો યુઝ કરવો પડે.'ફલોરેન્સ સહેજ પણ ગભરાયા વિના કૂપરની બાજુમાં આવેલી ખાલી સીટમાં બેઠી અને કૂપરને રિક્વેસ્ટ કરી કે એ બોમ્બ દેખાડે તો એ આ વાતને સાચી માનશે. કૂપરે સહેજ સ્માઈલ કરીને બ્રિફકેશ ખોલી. અંદર ખરેખર બોમ્બ હતો. ફલોરેન્સ સમજી ગઈ કે પરિસ્થિતિ કાબૂ બહાર નીકળી ગઈ છે એટલે તે સીધી કોકપીટમાં ગઈ અને પાઈલટ તથા કો-પાઈલટને આ બાબતની જાણ કરી. કૂપરની સાથે મિટિંગ શરૂ થઈ. કૂપરે ચોખવટ કરી લીધી કે પ્લેન હાઈજેક કરવાનો હેતુ માત્ર ફંડ છે, એને બે મિલિયન ડોલર જોઈએ છે અને બે મિલિયન ડોલરની સાથે ચાર પેરાશૂટ પણ એ લેશે. ઈમિડિએટ ગ્રાઉન્ડ સ્ટાફ સાથે વાત કરવામાં આવી અને તરત જ એફબીઆઈ પિક્ચરમાં ઉમેરાયું. કૂપરે પ્લેન લેન્ડ કરવાની મનાઈ કરી દીધી હોવાથી હવામાં રહેલા કૂપર અને જમીન પર રહેલી એફબીઆઈ વચ્ચે ડીલિંગ શરૂ થયું. કૂપરની વાત સ્પષ્ટ હતી કે કોઈ પણ જાતની બાંધછોડ વિના તાત્કાલિક ડોલર આપવામાં આવે. એફબીઆઈની કફોડી હાલત એ હતી કે પ્લેન ટૂકાં અંતરની સફર માટે હતું એટલે એમાં ઈંધણ પણ મર્યાદિત હતું, જેને ખાસ ધ્યાન પર રાખવાની હતી. એક્ઝેક્ટ એક કલાક ને સુડતાલીસ મિનિટના વાર્તાલાપ પછી પેમેન્ટની એરેન્જમેન્ટ કરવામાં આવી. એક સમયે એફબીઆઈમાં સાર્જન્ટ તરીકે ડ્યૂટી બજાવનારા અને ઘટના બની એ સમયે ટ્રેનિંગ પર હતા એવા જોન ડિકોસ્ટાએ કહ્યું હતું કે, "જે ડિમાન્ડ થઈ હતી એ પેમેન્ટ એકઠું કરવા માટે એરપોર્ટ પાસે આવેલી તમામ બેક્રમાંથી કેશ ઉઠાવી લેવામાં આવી હતી." ૪.૩૯ મિનિટે કૂપરને સત્તાવારપણે કહી દેવામાં આવ્યું કે એનું ફંડ રેડી છે. ડોલર મળવાનું એસ્યોરન્સ મળ્યા પછી ડી.બી.કૂપરે પ્લેન લેન્ડ થવા દીધું. જોકે પ્લેન લેન્ડ થયા પછી તેણે તરત પેમેન્ટ મંગાવ્યું અને પેમેન્ટ મળ્યા પછી જ તેણે પેસેન્જરને છોડયા. જોકે પેસેન્જરની સાથે તેણે કોઈ ક્રૂ મેમ્બરને અને પાઈલટને છોડયા નહોતા. પેસેન્જરના ગયા પછી તેણે પ્લેનમાં નવેસરથી ક્રૂડ માંગ્યું. આનાકાની વચ્ચે કૂપરની માંગ પૂરી કરવામાં આવી એટલે કૂપર ફરીથી પ્લેન લઈને રવાના થઈ ગયો. પ્લેનમાં રવાના થતી વખતે તેણે વોશિંગ્ટનના સિએટલ શહેરથી મેક્સિકો સિટીનો રૂટ ક્લિયર માગ્યો હતો. ડી.બી.કૂપરે વાયરલેસ સેટ પર ડિમાન્ડ કરી હતી કે એક કલાક પછી તેના માટે મેક્સિકોમાં એક વેન પણ રેડી હોવી જોઈએ. આટલી ડિમાન્ડ પછી પણ એફબીઆઈને નવાઈ એ વાતની લાગતી હતી કે કૂપરે શા માટે પેરાશૂટ માગી છે, એ પણ એક નહીં ચાર-ચાર, જોકે આ બાબતમાં કોઈ ખુલાસો કરવા કૂપર તૈયાર નહીં હોવાથી એફબીઆઈએ પણ ચાલ રમી હતી અને કૂપર જેવો પ્લેનમાં રવાના થયો કે તરત પાછળ અમેરિકન એરફોર્સનાં બે પ્લેનને રવાના કર્યાં હતાં. આ બન્ને પ્લેન એક ચોક્કસ અંતર સાથે કૂપરના પ્લેનને ફોલો કરી રહ્યાં હતાં. લગભગ ચાલીસ મિનિટના ફલાઈંગ પછી, મોડી સાંજે અંદાજે સવા સાત વાગ્યાની આસપાસ કૂપરે પ્લેનમાંથી જમ્પ લગાવી દીધો અને રફુચક્કર થઈ ગયો. ફલોરેન્સ સ્કાફનરે પોતાના સ્ટેટમેન્ટમાં લખાવ્યું હતું કે, "કૂપર કોકપીટમાં જ હતો. ફ્રેશ થવાના નામે એ બહાર ગયો અને સિક્યુરિટી માટે પોતાની સાથે મને લઈ ગયો. બહાર જતી વખતે તેણે કોકપીટનો દરવાજો બહારથી બંધ કરી દીધો. બહાર આવીને એક પેરાશૂટ તેણે પોતે પહેરી અને બીજી પેરાશૂટ મને પહેરાવી અને તે પછી તેણે ઈમરજન્સી ડોર ઓપન કરવા માટે કહ્યું. એ સમયે મને બહુ ડર લાગી રહ્યો હતો પણ મારી પાસે બીજો કોઈ રસ્તો હતો નહીં એટલે મેં ડોર ઓપન કરી આપ્યું. ડોર ઓપન થયું કે બીજી જ સેકન્ડે એ માણસ જમ્પ લગાવીને બહાર કૂદી ગયો. મેં બીજી જ સેકન્ડે દરવાજો બંધ કરી દીધો, કારણ કે બહાર વરસાદ શરૂ થઈ ગયો હતો." કૂપર છટકી ગયો એ વાતની વાયરલેસ પર જાણ કરવામાં આવી પણ કૂપરે જે જગ્યાએ છલાંગ લગાવી હતી એ જગ્યાએ મેક્સિકોનું જંગલ અને ખીણ આવતાં હોવાથી તપાસ શરૂ થતાં બે દિવસ નીકળી ગયા.


## ઉમિયા ટ્યુબ્સ લીમીટેડ

(CIN: L28112GJ2013PLC074916)
રજીસ્ટર્ડ ઓફિસ : ૨૦૮, ૨જો માળ, સુમન ટાવર, સેક્ટર નં.-૧૧, ગાંધીનગર- ૩૮૨૦૧૧ (ગુજરાત)
વેબસાઇટ : www.umiyatubes.com ઈ-મેઇલ umiyatubesltd@yahoo.com

### શેરહોલ્ડરોના ઈમેઈલ એડ્રેસ, મોબાઈન નંબર સુધારાની નોટિસ

ઉમિયા ટ્યુબ્સ લિમિટેડના તમામ શેરહોલ્ડરોને વિનંતી કરવામાં આવે છે કે નિચે જણાવેલી પધ્ધતિ પ્રમાણે તેમના ઈમેઈલ એડ્રેસ અને મોબાઈલ નંબરની નોંધણી કરાવી લે.કોર્પોરેટ અફેર્સ મંત્રાલય દ્વારા જારી કરાયેલ સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તારીખ ૮મી એપ્રીલ ૨૦૨૦ અને સામાન્ય પરિપત્ર નં. ૧૭/૨૦૨૦ તારીખ ૧૩મી એપ્રીલ ૨૦૨૦ અને સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ તારીખ ૫મી મે, ૨૦૨૦ અનુક્રમે અને સેબીના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તારીખ ૧૨મી મે, ૨૦૨૦, કોવીડ-૧૯ ના અનુસંધાને બહાર પાડેલ પરિપત્ર મુજબ કંપની વાર્ષિક અહેવાલ, સામાન્ય સભાની નોટીસ, બીજા અગત્યની બાબતોનો ઈલેક્ટ્રોનિક પદ્ધતિએ જાણ કરવામાં સરળ રહે તે માટે.

નોંધણીની પદ્ધતિ

જે શેરહોલ્ડર કંપનીના ડીમેટરલાઇઝડ પધ્ધતિથી શેર ધરાવતા હોય અને જમણે તેમના મોબાઈલ નંબર અને ઈમેઈલ એડ્રેસ ન નોધાવ્યા હોય તેમણે તેમના ડીપોઝીટરી પાર્ટીસીપેન્ટ મારફતે અનુક્રમે ડીપીઝીટરીનો સંપર્ક કરવો.

ઉપર જણાવ્યા પ્રમાણેના સેબીના અને એમસીએના પરપત્ર મુજબ,કંપની તેની ૭મી વાર્ષિક સામાન્ય સભાની વીડીઓ કોન્ફરન્સીંગ અથવા બીજી ઓડીયો વિજ્યુઅલ મીન્સથી (વીસી અને ઓએવીએમ) સભ્યોની ફીઝીકલ હાજરી સાથે કે વિના કાર્યવાહી કરવા જઇ રહી છે.વાર્ષિક અહેવાલ તથા ૭મી એજીએમની નોટીસ સભ્યોને તેમના નોંધાયેલા ઈમેઈલ આઈડી પર તેના સમયે મળી જશે. તેમ છતાં બધા સભ્યોને ભારપુર્વક વિનંતી કરવામાં આવે છે કે તેમના ઈમેઈલ આઈડી કંપની પાસે નોંધાવી લે. ૭મી એજીએમની નોટીસમાં ૭મી એજીએમમાં તેમના મત ઈ વોટીંગ કે રીમોટ ઈ વોટીંગથી આપવા તેની તથા ૭મી એજીએમમાં હાજરી આપવાની અને તેમાં ભાગ લેવાની તમામ સુચનાઓ હશે.

કોઇ પણ પ્રકારની સપષ્ટતા જોઈતી હોય તો કંપનીના રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ મેસર્સ પૂર્વા શેરજીસ્ટ્રી ( ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ ફોન નં. ૦૨૨-૨૩૦૧૬૭૬૧, અથવા ઈ-મેલ આઈડી: support@purvashare.com પર સંપર્ક કરવો.

બોર્ડના હુકમ થી
ઉમિયા ટ્યુબ્સ લીમીટેડ વતી
સહી/-
સૌરભકુમાર આર. પટેલ
મેનેજીંગ ડાયરેક્ટર
(ડીન નં.૦૬૯૬૪૬૭૦)

તારીખ : ૧૩/૦૮/૨૦૨૦
સ્થળ : ગાંધીનગર



## સંગીનીતા કેમીકલ્સ લીમીટેડ

(CIN: L24100GJ2005PLC047292)
રજીસ્ટર્ડ ઓફિસ: ૩૦૧, ૩જો માળ, શાલીન કોમ્પ્લેક્ષ, સેક્ટર ૧૧, ગાંધીનગર- ૩૮૨ ૦૧૧ (ગુજરાત)
વેબસાઇટ- www.saniginitachemicals.co.in ઈ-મેઈલ: dbchavada@yahoo.co.in

### શેરહોલ્ડરોના ઈમેઈલ એડ્રેસ, મોબાઈન નંબર સુધારાની નોટિસ

સંગીનીતા કેમીકલ્સ લિમિટેડ ના તમામ શેરહોલ્ડરોને વિનંતી કરવામાં આવે છે કે નિચે જણાવેલી પધ્ધતિ પ્રમાણે તેમના ઈમેઈલ એડ્રેસ અને મોબાઈલ નંબરની નોંઘણી કરાવી લે.કોર્પોરેટ અફેર્સ મંત્રાલય દ્વારા જારી કરાયેલ સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦, તારીખ ૮મી એપ્રીલ ૨૦૨૦,૧૭/૨૦૨૦, ૧૩મી એપ્રીલ ૨૦૨૦ અને ૨૦/૨૦૨૦ અને ૫મી મે, ૨૦૨૦ અનુક્રમે અને સેબીના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તારીખ ૧૨મી મે, ૨૦૨૦, કોવીડ-૧૯ ના અનુસંધાને બહાર પાડેલ પરિપત્ર મુજબ કંપની વાર્ષિક એહેવાલ, સામાન્ય સભાની નોટિસ અને બીજા અગત્યની બાબતોની ઈલેકટ્રોનીક પધ્ધતિથી જાણ કરવામાં સરળતા રહે તે માટે.

નોંધનીની પદ્ધતિ

જે શેરહોલ્ડર કંપનીના ડીમેટરલાઈઝડ પધ્ધતિથી શેર ધરાવતા હોય અને જમણે તેમના મોબાઈલ નંબર અને ઈમેઈલ એડ્રેસ ન નોધાવ્યા હોય તેમણે તેમના ડીપોઝીટરી પાર્ટીસીપેન્ટ મારફતે અનુક્રમે ડીપીઝીટરીનો સંપર્ક કરવો.

ઉપર જણાવ્યા પ્રમાણેના સેબીના અને એમસીએના પરપત્ર મુજબ,કંપની તેની ૧૫મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ)ની વીડીઓ કોન્ફરન્સીંગ અથવા બીજી ઓડીયો વિજ્યુઅલ મીન્સથી (વીસીએન્ડઓએવીએમ) સભ્યોની ફીઝીકલ હાજરી સાથે કે વિના કાર્યવાહી કરવા જઇ રહી છે.વાર્ષિક અહેવાલ તથા૧૫મી એજીએમની નોટીસ સભ્યોને તેમના નોંધાયેલા ઈમેઈલ આઈડી પર તેના સમયે મળી જશે.તેમ છતાં બધા સભ્યોને ભારપુર્વક વિનંતી કરવામાં આવે છે કે તેમના ઈમેઈલ આઈડી કંપની પાસે નોંધાવી લે.૧૫મી એજીએમની નોટીસમા૧૫મી એજીએમમાં તેમના મત ઈ વોટીંગ કે રીમોટ ઈ વોટીગથી આપવા તેની તથા એજીએમમાં હાજરી આપવાની અને તેમાં ભાગ લેવાની તમામ સુચનાઓ હશે. કોઇ પણ પ્રકારની સ્પષ્ટતા જોઇતી હોય તો કંપનીના રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ મેસર્સ પુર્વા શેરજીસ્ટ્રી (ઈન્ડીયા) પ્રાઈવેટ લીમીટેડ,તેમનો ફોન નં.૦૨૨-૨૩૦૧૬૭૬૧. ઈ-મેઈલ-support@purvashare.com થી લઈ શકાશે.

સંગીનીતા કેમીકલ્સ લીમીટેડ વતી
સહી
દિનેશ સિંધ બી. ચાવડા
ચેરપર્સન અને મેનેજીંગ ડિરેક્ટર
(ડીન નં. ૦૧૪૯૭૯૭૭)

તારીખ : ૧૩/૦૮/૨૦૨૦
સ્થળ : ગાંધીનગર



## DHFL

Changing Rules Changing Lives

નેશનલ ઓફિસ: એચડીઆઈએલ ટાવર્સ, બી- વિન્ગ, ૮મો માળ, અનંત કાનેકર માર્ગ, સ્ટેશન રોડ, બાંદ્રા (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૧.
ઝોનલ ઓફિસ : ડીએચએફએલ ૨૦૮-૨૧૨, ૨જો માળ,ટરક્વાસ બિલ્ડિંગ, પંચવટી ક્રોસ રોડ, સી.જી.રોડ, અમદાવાદ- ૩૮૦૦૦૯

**પરિશિષ્ટ IV હેઠળ કબ્જા નોટિસ(સ્થાવર મિલકત માટે)**

સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ કાયદો, ૨૦૦૨ના સેક્શન ૧૩(૧૨) હેઠળ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ નં ૩ સાથે વંચાણે લેતાં. નીચે સહી કરનાર દીવાન હાઉસિંગ ફાયનાન્સ કોર્પોરેશન લિ. (ડીએચએફએલ)ના સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ કાયદો, ૨૦૦૨ (સદરહુ કાયદો) હેઠળ અધિકૃત અધિકારીએ નીચેના દેણદાર(રો)/જામીનદારો ને નીચે જણાલવેલ રકમ આ નોટિસ મળ્યે થી ૬૦ દિવસની અન્દર ચૂકવી જવા જણાવ્યુ હતુ કરજદારો નોટિસમાં આપેલ રકમ પરત ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા છે . તેથી કરજદારો અને જામીનદારો તથા જાહેરજનતા ને મોટિસ આપવામાં આવે છે કે અહી વર્ણવેલી મિલકત નો કબ્જો નીચે સહી કરનાર અધિકારીએ તેને મળએલી પેટા કલમ (૪) અનુચ્છેદ ૧૩ આ કાયદા અન્વયે નિયમ ૮ સિક્યોરિટી એન્ફોર્સમેન્ટ રૂલ ૨૦૦૨ મુજબ કબ્જો લીધો છે. કરજદારોને સચેત કરવામાં આવે છએ કિ આ કાયદાની કલમ ૧૩ પેટા કલમ (૮) માં ગિરો મિલકત છઓડાવવા માટે પુરતો સમય આપવામાં આવ્યો છે . કરજદારો અને જાહેર જનતા ને ચેતવણી આપવામાં આવે છે કે નીચે જણાવેલ મિલકતો સાથે કોઈ વ્યવહાર કરવો નહી કારણ કે નીચે દર્શાવેલ રકમ અને તેનું વ્યાજ માટે ડીએચએફએલ ના તાબામાં છે .

| કરજદારો/જામીનદારોનું નામ | આરક્ષિત એસેટ (સ્થાવર મિલકત) ની વિગત | માંગણા નોટિસની તારીખ અને રકમ | કબ્જાની તારીખ |
|---|---|---|---|
| (એલસી નં.૦૦૦૦૮૬૧૯/વડોદરા બ્રાન્ચ) શ્રી કાલુ બેચરભાઈમંગુકિયા (કરજદાર), શ્રીમતી /શ્રી રામકૃષ્ણ કે મંગુકિયા (સહકરજદાર) | ફ્લેટ નં. ૨૦૫, ૨જો માળ, વિન્ગ એ૧, સાઈ વેલી, જય ગાયત્રી ફાર્મેસી પાછળ, જોલવા ગામ કોડ, વાગરા, દહેજ, ભરૂચ, ગુજરાત- ૩૯૨૧૩૦ | ૧૯-૧૧-૨૦૧૯ માટે ૧૪,૪૩,૩૩૭/- (રૂપિયા ચૌદ લાખ તેતાલીસ હજાર, ત્રણસો સાડત્રીસ પુરા) | ૧૨ ઓગસ્ટ, ૨૦ |
| (એલસી નં.૦૦૦૦૮૪૦૩ વડોદરા બ્રાન્ચ) શ્રી મહેશભાઈ લાલજીભાઈ મંગુકિયા (કરજદાર), શ્રીમતી કાજલ મહેશભાઈ મંગુકિયા (સહ- કરજદાર) | પ્લોટ નં. ૭૯, ગ્રીન એવેન , વડોદ ગામ પાસે, જોટાણ- કરમલા રોડ, વડોદ, સુરત ગુજરાત - ૩૯૫૦૦૪. | ૧૯-૧૨-૨૦૧૯ માટે ૩૯,૧૫,૪૦૫/- (રૂપિયા ઓગણચાલીસ લાખ પંદર હજાર, ચારસો પાંચ પુરા) | ૧૧ ઓગસ્ટ, ૨૦ |
| (એલસી નં.૦૦૦૦૮૪૮૦ વડોદરા બ્રાન્ચ) શ્રી વૈભવભાઈ ચંદુભાઈ નવાડિયા ( કરજદાર) શ્રીમતી રિમ્પલબેન વૈભવભાઈ નવાડિયા (સહ- કરજદાર) | ફ્લેટ નં. ૩૦૬, મારૂતીનંદન હોમ્સ અને બિજનેસ હબ વાવ તાલુકો -વાગરા, ભરૂચ, ભરૂચ- ૩૯૨૧૩૦. | ૧૯-૧૨-૨૦૧૯ માટે ૧૨,૩૬,૭૭૭/- (રૂપિયા બાર લાખ છત્રાસ હજાર, સાતસો સિતોતેર પુરા) | ૧૨ ઓગસ્ટ, ૨૦ |
| (એલસી નં. ૦૦૦૦૨૮૪૬ ઓફરાજકોટ બ્રાન્ચ) મિ.રવી રમેશભાઈ સાકારવાડીયા( કરજદાર) મિ.રમેશ લાખા સાકારવાડીયા(સહ- કરજદાર) | આલ્ફાસીટી બ્લોક નં ૯૦. આર.એસ.નં.૫૯ પી૧ પી૧ વિલા બાલસર, ખીરાસારા પેલેસ ની સામે કાલવા,લોધીકા રોડ,રાજકોટ,રાજકોટ-૩૬૦૦૦૫. | ૨૧/૦૧/૨૦૨૦, માટે ૮,૭૯,૪૫૧/ (આઠ લાખ અગણાએંસી હજાર ચાર સો પંદર પુરા) | ૧૨-ઓગસ્ટ-૨૦ |
| (એલસી નં. ૦૦૧૧૪૬૩ ઓફઅમદાવાદ બ્રાન્ચ) મિસિસ સ્નેહાબેન કીરીટકુમાર બારોટ( કરજદાર) કરીટકુમાર દશરથલાલ બારોટ(સહ- કરજદાર) | ફ્લેટ નં એ//૧ ગોકુલ ગેલેક્ષી રેસીન્ડસી, તલાવની પાસે, કઠવાડા રોડ, કઠવાડા, અમદાવાદ-૩૮૨૪૩૦ | ૨૧/૦૧/૨૦૨૦, માટે ૮,૧૦,૩૩૮/ (આઠ લાખ દસ હજાર ત્રણસો આડત્રીસપુરા) | ૧૧-ઓગસ્ટ-૨૦ |
| (એલસી નં. ૦૦૦૧૨૫૧૪ ઓફઅમદાવાદ બ્રાન્ચ) સંજયબાલુભાઈ ચોદવાડીયા( કરજદાર) મિસિસ ગીતાબેન સંજયભાઈ ચોદવાડીયા(સહ- કરજદાર) | ફ્લેટ નં બી/૨૦૪, શાંતા રેસીન્ડસી ૧,વી.આઈ.પી સ્કુલ,ન્યુ ઈન્ડીયા કોલોની,નિકોલ,અમદાવાદ-૩૮૨૩૫૦. | ૨૧/૦૧/૨૦૨૦, માટે ૧૬,૮૧,૪૦૩/ (સોળ લાખ એકયાસી હજાર ચાર સો ત્રણ પુરા) | ૧૧-ઓગસ્ટ-૨૦ |
| (એલસી નં. ૦૦૦૪૩૭૧૬ ઓફઅમદાવાદ બ્રાન્ચ) મિ.હરકમલ કીલે( કરજદાર) મિ.વિજેન્દ્ર રતીરામ શર્મા(સહ- કરજદાર) | યુનિટ નં.૪૨,મલ્હારએક્ષોટીકા અને વીકએન્ડ હોમ્સ,ફેસ-૧-પાવરગીડ પાછળ,ઉતમડેરી,દહેગામ,ગાંધીનગર,અમદાવાદ-૩૮૨૩૦૫ | ૨૧/૦૧/૨૦૨૦, માટે ૭૬,૫૮,૪૦૪/ (છોતેર લાખ અઠ્ઠાવન હજાર ચાર સો ચાર પુરા) | ૧૧-ઓગસ્ટ-૨૦ |

તારીખ :૧૪-૦૮- ૨૦૨૦
સ્થળ : અમદાવાદ

સહી/-
(અધિકૃત અધિકારી)
દિવાન હાઉસિંગ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ



## પાર્કર એગ્રોકેમ એક્ષપોર્ટસ લિમિટેડ

રજીસ્ટર્ડ ઓફીસ : બ્લોક એચ, પ્લોટ-૩ તથા ૪, નવા કંડલા- ૩૭૦૨૧૦, કચ્છ
વેબસાઇટ- www.parkeragrochem.com ઈ-મેઈલ: parkeragro_abd@yahoo.in
(CIN : L24110GJ1993PLC020102)

### શેરહોલ્ડરોના ઈમેઈલ એડ્રેસ,મોબાઈન નંબર સુધારાની નોટિસ

પાર્કર એગ્રોકેમ એક્ષપોર્ટસ લિમિટેડના તમામ શેરહોલ્ડરોને વિનંતી કરવામાં આવે છે કે નિચે જણાવેલી પધ્ધતિ પ્રમાણે તેમના ઈમેઈલ એડ્રેસ અને મોબાઈલ નંબરની નોંઘણી કરાવી લે.કોર્પોરેટ અફેર્સ મંત્રાલય દ્વારા જારી કરાયેલ સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦ અને ૨૦/૨૦૨૦ તારીખ ૮મી એપ્રીલ ૨૦૨૦,૧૩મી એપ્રીલ ૨૦૨૦ અને ૫મી મે, ૨૦૨૦ અનુક્રમે અને સેબીના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તારીખ ૧૨મી મે, ૨૦૨૦, કોવીડ-૧૯ ના અનુસંધાને બહાર પાડેલ પરિપત્ર મુજબ કંપની વાર્ષિક એહેવાલ, સામાન્ય સભાની નોટિસ અને બીજા અગત્યની બાબતોની ઈલેક્ટ્રોનીક પધ્ધતિથી જાણ કરવામાં સરળતા રહે તે માટે.

**નોંઘણીની પધ્ધતિ**

એ) જે શેરહોલ્ડરો ફીઝીકલ પધ્ધતિએ શેર ધરાવતા હોય તેમણે નીચેની માહિતી કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ ( મેસર્સ લીંક ઈન્ટાઈમ (ઈન્ડીયા) પ્રાઈવેટ લીમીટેડ ) ને તેના સરનામે અથવા તેના ઈમેઈલ rnt.helpdesk@linkintime.co.in અથવા કંપનીની રજીસ્ટર ઓફીસ અથવા તો તેના ઈમેઈલ parkeragro_abd@yahoo.in ઉપર આપવી

| | |
|---|---|
| ૧ પુરૂ નામ | ૬ કેટલા શેર ધરાવો છો |
| ૨ સરનામું | ૭ ફોલીયો નં. |
| ૩ ઈમેઈલ એડ્રેસ | ૮ સર્કીફીકેટ નં. |
| ૪ મોબાઈલ નંબર | ૯ ડીસ્ટીનેટીવ નં. |
| ૫ પાન અને આધાર કાર્ડ ઓરીજનલ સ્કેન કોપી | |

બી) જે શેરહોલ્ડર કંપનીના ડીમેટરલાઈઝડ પધ્ધતિથી શેર ધરાવતા હોય અને જમણે તેમના મોબાઈલ નંબર અને ઈમેઈલ એડ્રેસ ન નોધાવ્યા હોય તેમણે તેમના ડીપોઝીટરી પાર્ટીસીપેન્ટ મારફતે અનુક્રમે ડીપીઝીટરીનો સંપર્ક કરવો.

ઉપર જણાવ્યા પ્રમાણેના સેબીના અને એમસીએના પરપત્ર મુજબ,કંપની તેની ૨૭મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ)ની વીડીઓ કોન્ફરન્સીંગ (વીસી) અથવા બીજી ઓડીયો વિજ્યુઅલ મીન્સથી (ઓએવીએમ) સભ્યોની ફીઝીકલ હાજરી સાથે કે વિના કાર્યવાહી કરવા જઈ રહી છે.વાર્ષિક અહેવાલ તથા ૨૭મી એજીએમની નોટીસ સભ્યોને તેમના નોંધાયેલા ઈમેઈલ આઈડી પર તેના સમયે મળી જશે.તેમ છતા બધા સભ્યોને ભારપુર્વક વિનંતી કરવામાં આવે છે કે તેમના ઈમેઈલ આઈડી કંપની પાસે નોંધાવી લે.૨૭મી એજીએમની નોટીસમાં ૨૭મી એજીએમમાં તેમના મત ઈ વોટીંગ કે રીમોટ ઈ વોટીંગથી આપવા તેની તથા એજીએમમાં હાજરી આપવાની અને તેમાં ભાગ લેવાની તમામ સુચનાઓ હશે.

કોઈ પણ પ્રકારની સપષ્ટતા જોઈતી હોય તો કંપનીના રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ મેસર્સ લીંક ઈન્ટાઈમ (ઈન્ડીયા) પ્રાઈવેટ લીમીટેડ,૫ મો માળ, ૫૦૬ થી ૫૦૮, અમરનાથ બીઝનેસ સેન્ટર-૧ ( એબીસી-૧), ગાલા બીઝનેસ સેન્ટરની પાછળ, સેન્ટ ઝેવીયર્સ કોલેજ કોર્નર પાસે,ઓફ સી.જી.રોડ,એલીસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬, તેમનો ફોન નં.૦૭૯-૨૬૪૬૫૧૭૯ ,ઈમેઈલ આઈડી mt.helpdesk@linkintime.co.in અથવા કંપનીની રજીસ્ટર ઓફીસ, બ્લોક એચ,પ્લોટ નં.૩ અને ૪, ન્યુ કંડલા -૩૭૦૨૧૦ ( કચ્છ )થી લઈ શકાશે.

બોર્ડના હુકમથી
વતી પાર્કર એગ્રોકેમ એક્ષપોર્ટસ લિમિટેડ
એસડી/-
જગદીશ આર.આચાર્ય
ચેરમેન અને મેનેજીંગ ડાયરેક્ટર
(ડીન નં.૦૧૨૫૧૨૪૦)

તારીખ :૧૩-૮-૨૦૨૦
સ્થળ : અમદાવાદ



## શુભમ પોલિસ્પીન લીમીટેડ

રજીસ્ટર્ડ ઓફિસ : બ્લોક નં. ૭૪૮, સાકેત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કનેરિયા ઓઈલ મીલ પાસે, બસંતપુરા રોડ, બોરીસણા, તાલુ- કડી, જિલ્લો : મહેસાણા-૩૮૨૭૨૮ (ગુજરાત)
વેબસાઇટ : sppl.shubhamgrp.co ઈ-મેઈલ ankit@shubhamgrp.co
CIN: L17120G2012PLC069319

### શેરહોલ્ડરોના ઈમેઈલ એડ્રેસ,મોબાઈન નંબર સુધારાની નોટિસ

શુભમ પોલિસ્પીન લીમીટેડના તમામ શેરહોલ્ડરોને વિનંતી કરવામાં આવે છે કે નિચે જણાવેલી પધ્ધતિ પ્રમાણે તેમના ઈમેઈલ એડ્રેસ અને મોબાઈલ નંબરની નોંઘણી કરાવી લે.કોર્પોરેટ અફેર્સ મંત્રાલય દ્વારા જારી કરાયેલ સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તારીખ ૮મી એપ્રીલ ૨૦૨૦ અને સામાન્ય પરિપત્ર નં. ૧૭/૨૦૨૦ તારીખ ૧૩મી એપ્રીલ ૨૦૨૦ અને સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ તારીખ ૫મી મે, ૨૦૨૦ અનુક્રમે અને સેબીના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તારીખ ૧૨મી મે, ૨૦૨૦, કોવીડ-૧૯ ના અનુસંધાને બહાર પાડેલ પરિપત્ર મુજબ કંપની વાર્ષિક અહેવાલ, સામાન્ય સભાની નોટીસ, બીજા અગત્યની બાબતોની ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી જાણ કરવા સરળ રહે તે માટે.

નોંધણીની પદ્ધતિ

જે શેરહોલ્ડર કંપનીના ડીમેટરલાઈઝડ પધ્ધતિથી શેર ધરાવતા હોય અને જેમણે તેમના મોબાઈલ નંબર અને ઈમેઈલ એડ્રેસ ન નોધાવ્યા હોય તેમણે તેમના ડીપોઝીટરી પાર્ટીસીપેન્ટ મારફતે અનુક્રમે ડીપીઝીટરીનો સંપર્ક કરવો.

ઉપર જણાવ્યા પ્રમાણેના સેબીના અને એમસીએના પરપત્ર મુજબ,કંપની તેની ૮મી વાર્ષિક સામાન્ય સભાની વીડીઓ કોન્ફરન્સીંગ અથવા બીજી ઓડીયો વિજ્યુઅલ મીન્સથી (વીસી અને ઓએવીએમ) સભ્યોની ફીઝીકલ હાજરી સાથે કે વિના કાર્યવાહી કરવા જઈ રહી છે.વાર્ષિક અહેવાલ તથા ૮મી એજીએમની નોટીસ સભ્યોને તેમના નોંધાયેલા ઈમેઈલ આઈડી પર તેના સમયે મળી જશે. તેમ છતાં બધા સભ્યોને ભારપુર્વક વિનંતી કરવામાં આવે છે કે તેમના ઈમેઈલ આઈડી કંપની પાસે નોંધાવી લે. ૮મી એજીએમની નોટીસમાં ૮મી એજીએમમાં તેમના મત ઈ વોટીંગ કે રીમોટ ઈ વોટીંગથી આપવા તેની તથા ૮મી એજીએમમાં હાજરી આપવાની અને તેમાં ભાગ લેવાની તમામ સુચનાઓ હશે.

કોઈ પણ પ્રકારની સપષ્ટતા જોઈતી હોય તો કંપનીના રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ મેસર્સ લિંક ઈનટાઈમ ( ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ ફોન નં. ૦૭૯-૨૬૪૬૫૧૭૯, અથવા ઈ-મેલ આઈડી: mt.helpdesk@linkintime.co.in પર સંપર્ક કરવો.

બોર્ડના હુક્મ થી
શુભમ પોલિસ્પીન લીમીટેડ વતી
સહી/-
અનિલ ડી સોમાણી
ચેરપર્સન અને મેનેજીંગ ડાયરેક્ટર
(ડીન નં.૦૬૩૭૩૨૧૦)

તારીખ : ૧૩/૦૮/૨૦૨૦
સ્થળ : બોરીસણા



## MAS FINANCIAL SERVICES LTD.

**Regd. Office:** 6,Ground Floor, Narayan Chambers, B/h Patang Hotel, Ashram Road, Ahmedabad-380 009.
**Phone No.:** +91 79 41106500, **Fax No.:** +91 79 41106597, **E-mail :** riddhi_bhayani@mas.co.in, **Website:** www.mas.co.in
**CIN: L65910GJ1995PLC026064**

**Extract of standalone and consolidated unaudited financial results for the quarter ended 30 June 2020**

(₹ in Lakh)

| Sr. No. | Particulars | Standalone | | | | Consolidated | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended 30 June 2020 (Unaudited) | Quarter ended 30 June 2019 (Unaudited) | Quarter ended 31 March 2020 (Audited) | Year ended 31 March 2020 (Audited) | Quarter ended30 June 2020 (Unaudited) | Quarter ended30 June 2019 (Unaudited) | Quarter ended 31 March 2020 (Audited) | Year ended 31 March 2020 (Audited) |
| 1 | Total income from operations | 15,871.26 | 15,910.96 | 17,256.50 | 68,239.78 | 16,732.91 | 16,889.45 | 18,240.63 | 72,205.89 |
| 2 | Net profit / (loss) for the period (before tax, exceptional and / or extraordinary items) | 4,764.34 | 6,266.11 | 4,794.80 | 23,447.76 | 4,890.94 | 6,401.47 | 4,801.94 | 23,860.19 |
| 3 | Net profit / (loss) for the period before tax (after exceptional and / or extraordinary items) | 4,764.34 | 6,266.11 | 4,794.80 | 23,447.76 | 4,890.94 | 6,401.47 | 4,801.94 | 23,860.19 |
| 4 | Net profit / (loss) for the period after tax (after exceptional and / or extraordinary items) | 3,563.67 | 4,072.97 | 3,568.88 | 17,821.31 | 3,654.06 | 4,176.75 | 3,571.38 | 18,126.14 |
| 5 | Total comprehensive income for the period [comprising profit / (loss) for the period (after tax) and other comprehensive income (after tax)] | 4,075.51 | 4,027.16 | 3,846.68 | 18,291.55 | 4,144.31 | 4,131.50 | 3,852.45 | 18,598.71 |
| 6 | Paid up equity share capital | 5,466.20 | 5,466.20 | 5,466.20 | 5,466.20 | 5,466.20 | 5,466.20 | 5,466.20 | 5,466.20 |
| 7 | Reserve (excluding revaluation reserve) as shown in the audited balance sheet | - | - | 98,405.20 | 98,405.20 | - | - | 99,131.64 | 99,131.64 |
| 8(i) | Earning per share(of ₹ 10/- each) (for continuing and discontinued operations) - ((including exceptional item) (not annualised for quarter)) | | | | | | | | |
| | 1. Basic (₹) | 6.52 | 7.45 | 6.53 | 32.60 | 6.61 | 7.64 | 6.53 | 32.92 |
| | 2. Diluted (₹) | 6.52 | 7.45 | 6.53 | 32.60 | 6.61 | 7.64 | 6.53 | 32.92 |
| 8(ii) | Earning per share(of ₹ 10/- each) (for continuing and discontinued operations) - ((excluding exceptional item) (not annualised for quarter)) | | | | | | | | |
| | 1. Basic (₹) | 6.52 | 7.45 | 6.53 | 32.60 | 6.61 | 7.64 | 6.53 | 32.92 |
| | 2. Diluted (₹) | 6.52 | 7.45 | 6.53 | 32.60 | 6.61 | 7.64 | 6.53 | 32.92 |

**Notes:**

a) The above is an extract of the detailed format of unaudited financial results for the quarter ended 30 June 2020 which have been reviewed by the Audit Committee in their Meeting held on 10 August 2020 and the same was approved by the Board of Directors in their meeting held on 12 August 2020, subjected to a limited review by the Statutory Auditors and filed with the Stock Exchanges under Regulation 33 and Regulation 52 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the quarterly financial results are available on the websites of the Stock Exchanges at www.bseindia.com, www.nseindia.com, and on the website of the Company at www.mas.co.in.

b) The unaudited standalone and consolidated financial results of the Company have been prepared in accordance with the recognition and measurement principles laid down in the Indian Accounting Standard (referred to as 'Ind AS') - 34, Interim Financial Reporting prescribed under Section 133 of the Companies Act, 2013 (the 'Act') read with relevant rules issued thereunder and other accounting principles generally accepted in India and in compliance with Regulation 33 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, as amended (the 'SEBI Listing Regulations'). Any application guidance/ clarifications/ directions issued by Reserve Bank of India ('RBI') or other regulators are implemented as and when they are issued/ applicable.

For and on behalf of the Board of Directors of
MAS Financial Services Ltd.
Sd/-
Kamlesh C. Gandhi
(Chairman & Managing Director)
(DIN - 00044852)

Place : Ahmedabad
Date : 12 August 2020


Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at- Mahadev Offset, H-47 Ravi Estate, Rustam Mill Compound, Dudheshwar, Ahmedbada-4. Published from 201-2, Nandan Com. Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahd-6 Edi.: Mayur Bhatt